GJBK030016072022

દાખલ તારીખ :– ૧૪/૧૨/૨૦૨૨.
રજુ તારીખ :– ૧૪/૧૨/૨૦૨૨.
ફેસલ તારીખ :– ૩૧/૦૫/૨૦૨૪.
સમય:– ૦૧ વર્ષ ૦૫ મહીનો ૧૭ દિવસ.

<u>**આંક :–૨૫.**</u>

---

**વડગામના મહે.જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મું.વડગામ.**
**ક્રિમીનલ કેસ નં.૧૩૮૩/૨૦૨૨.**

---

ફરીયાદી :– શ્રી સ ર કા ર

***<u>વિ રૂ દ્ધ</u>***

આરોપી :– રમેશભાઈ કામરાજભાઈ પટેલ,
રહે. ઘોડીયાલ, તા. વડગામ,
જીલ્લો– બનાસકાંઠા.

--------

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી બી.ડી.દેસાઈ,
આરોપી તરફે વિ.વકીલ શ્રી પી.એફ.ચૌધરી,

-------

આરોપ :– ઈ.પી.કો.કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા
એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ.....

-------

**ચુ કા દો**

-------

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ જલોત્રા ગામની સીમમાં તા.૨૫/૦૮/૨૦૨૨ ના કલાક–૦૬/૪૫ વાગ્યાના સુમારે ટોયટો કંપનીની ઈટીઓસ ક્રોસ ગાડી જેનો રજી.નં.૦૮ એપી ૬૪૯૦ ના ચાલક રમેશભાઈ પટેલ, રહે. ઘોડીયાલ, તા.વડગામવાળાએ પોતાની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવા જલોત્રા ગામ મનપસંદ ધાબાના સામે રોડ ઉપર સીગ્નલ આપ્યા વગર અચાનક ડાબી બાજુ વાળવા જતાં પાછળ આવતા ફરીયાદીના ભાઈ અરૂણકુમારનું હીરો સ્ટ્રીમ મોટર સાયકલ અથડાઈ જતાં સાહેદ અરૂણકુમારને જમણા હાથે તથા જમણા પગે ફ્રેકચર તથા તેના મીત્ર

રાહુલને શરીરે ઈજાઓ કરી ગાડીનો ચાલક તેની ગાડી મુકી નાસી જઈ ભારતીય દંડસંહિતાની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો શિક્ષા પાત્ર ગુનો અત્રેની કોર્ટની હકુમતમાં કરેલ જે બાબતનું ચાર્જશીટ પોલીસે અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) સદરહું કામનો સમન્સ આરોપીને બજતાં આરોપી તેઓના વિધ્વાન વકીલશ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપી નો લેખિત જવાબ નોંધવામાં આવેલ છે.આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવ્યો.

(૩) ફરિયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદ આરોપીનો ક્રિમી.પ્રોસી.કોડની કલમ–૩૧૩ હેઠળ વધારાનો જવાબ નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ જણાવેલ છે કે તેઓની વિરૂઘ્ધ પુરતો પુરાવો ન પડતો હોવા છતાં પોલીસ દવારા ખોટુ ચાર્જશીટ કરેલ છે અને તેઓ નિર્દોષ છે.

(૪) ઉભયપક્ષ તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

વધુમાં સબબ કામે પડેલ પુરાવો જોતાં ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકતો નિ:શંકણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોઈ, તે તમામ સંજોગોમાં,નામદાર સુપ્રિમકોર્ટના–૧) ૧૯૯૬(૩),ક્રાઈમ્સ–૮૫–સતીષ મહેરા વિરૂઘ્ધ દિલ્હી એમિનિસ્ટ્રેશન તથા ૨) ૨૦૦૮(૮) એસ.સી.સી.૫૮૨ મદનમોહન વિરૂઘ્ધ સ્ટેટ ઓફ પંજાબના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ માર્ગદર્શક સિઘ્ધાંત મુજબ જયારે આરોપીને તકસીરવાર ઠરાવવાની કોઈ શકયતા જણાતી ન હોઈ ત્યારે,કોર્ટ આવા પ્રોસેડીંગ આગળ ચલાવવા ફુલટાઈમ એકસરસાઈઝ કરવી ન જોઈએ તે સિઘ્ધાંત ઘ્યાને લઈ ફરીયાદપક્ષનો પુરાવો પુરો કર્યા બાદ અન્ય સાક્ષીઓ તપાસેલ નથી.

પુરાવાના કાયદાની કલમ–૧૩૪ વંચાણે લેતાં પુરાવાનો જથ્થો નહી,પરંતુ પુરાવાની ગુણવતા અગત્યની હોય છે.હાલના કેસમાં ફરીયાદપક્ષે રેકર્ડ પર જે પુરાવો આપેલ છે તે જોતાં

ફરીયાદપક્ષ તરફે આ કામે તપાસેલ સાહેદ સિવાય અન્ય સાહેદને ન તપાસવા છતાં કેસના ગુણદોષ ઉપર કોઈ અસર થતી નથી.

(૫) સદરહું કામે ફરિયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**-:- મૌખિક પુરાવો -:-**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૫ | ફરીયાદી કમલેશભાઈ વિરસંગભાઈ ચાવડાની જુબાની, |
| ૨. | ૭ | પંચ સાહેદ દલજીભાઈ ભીખાભાઈ ઠાકોરની જુબાની, |
| ૩. | ૧૧ | સાહેદ લક્ષ્મણભાઈ સોમાભાઈ ઠાકોરની જુબાની, |
| ૪. | ૧૨ | સાહેદ ભાવેશકુમાર વિરસંગજી ચાવડાની જુબાની, |
| ૫. | ૧૩ | સાહેદ સોમાજી માનજીજી ઠાકોરની જુબાની, |
| ૬. | ૧૪ | સાહેદ ભગવાનભાઈ કેશાભાઈ ઠાકોરની જુબાની, |
| ૭. | ૧૫ | સાહેદ અરૂણકુમાર વિરસંગભાઈ ચાવડાની જુબાની, |
| ૮. | ૧૬ | સાહેદ રાહુલકુમાર બાબુભાઈ ચૌહાણની જુબાની, |
| ૯. | ૧૯ | આઈ.ઓ. કરણસીંહ સરદારસીંહની જુબાની, |

**દસ્તાવેજી પુરાવો**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૬ | ફરીયાદ, |
| ૨. | ૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામું, |
| ૩. | ૧૭,૧૮ | સારવાર પ્રમાણપત્ર, |
| ૪. | ૨૦ | ડ્રાયવીંગ લાયસન્સ,વીમા પોલીસી, આર.સી.બુક, પી.યુ.સી. તેમજ ઈજા પામનારના વાહનના બીલની કોપી (સંયુકત આંક) |

(૬) મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા.૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આરોપીએ જલોત્રા ગામની સીમમાં તા.૨૫/૦૮/૨૦૨૨ના કલાક-૦૬/૪૫ વાગ્યા

ના સુમારે ટોયટો કંપનીની ઈટીઓસ ક્રોસ ગાડી જેનો રજી.નં. ૦૮ એપી ૬૪૯૦ના ચાલક રમેશભાઈ પટેલ,રહે.ઘોડીયાલ,તા. વડગામવાળાએ પોતાની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવા જલોત્રા ગામ મનપસંદ ધાબાના સામે રોડ ઉપર સીગ્નલ આપ્યા વગર અચાનક ડાબી બાજુ વાળવા જતાં પાછળ આવતા ફરીયાદીના ભાઈ અરૂણકુમારનું હીરો સ્ટ્રીમ મોટર સાયકલ અથડાઈ જતાં સાહેદ અરૂણકુમારને જમણા હાથે તથા જમણા પગે ફ્રેકચર તથા તેના મીત્ર રાહુલને શરીરે ઈજાઓ કરી ગાડીનો ચાલક તેની ગાડી મુકી નાસી જઈ ભારતીય દંડસંહિતાની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા. ૨. શું હુ ક મ ?

(૭) ઉપરોકત નિર્ણીત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા.૧. નકારમાં,

મુદ્દા.૨. આખરી હુકમ મુજબ..

–:– **કા ર ણો** –:–

**મુદ્દા.નં.૧ અને ૨ :–**

(૮) ફરીયાદપક્ષ તરફથી આરોપી વિરૂધ્ધ મુખત્વે ઈ.પી.કો.કલમ–૨૭૯,૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબના ગુનાનો આક્ષેપ કરવામાં આવેલ હોઈ સદરહું હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આરોપી એ બનાવ સમયે જાહેરમાં પોતાના હવાલાનું વાહન ગફલતભરી રીતે બેદરકારી પુર્વક, બેફામપણેઅને મનુષ્યની જીંદગી જોખમમાં મુકાય તે રીતે હંકારી ઈજાઓ કરી અકસ્માત કરેલ હોવાની હકીકત નિ:શંકપાણે પુરવાર કરવાની રહે, એટલે કે ઈજાના તત્કાળ કારણ તરીકે આરોપીનું બેદરકારીપુર્વક કૃત્ય હોવું આવશ્યક છે.

(૯) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે.ફરિયાદ પક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહી જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી.ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો આરોપી ઉપર બેસતો નથી.ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી,પરંતુ આરોપી ઉપરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે.સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો ન્યાયાલય સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતો અસ્તિત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબીત થયેલ ગણાય. હાલના કામે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ-૨૭૯, ૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪,૧૩૪ મુજબના ગુનાનો આક્ષેપ હોય.સદરહું કલમના આવશ્યક તત્વ મુજબના ગુનો સાબિત કરવા ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ થી ૧૦૩ મુજબ પુરાવા રજુ કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે.

**<u>આરોપાયેલ કલમોના આવશ્યક તત્વો :-</u>**

**<u>ઈ.પી.કો.કલમ-૨૭૯ના આવશ્યક તત્વો.</u>**

૧. આરોપી વાહન હાંકતો હતો અથવા તેના ઉપાર સવાર હતો.

૨. તે જાહેર માર્ગ ઉપાર હાકતો હતો અથવા સવાર હતો.

૩. તે અવિચારી અથવા બેદરકાર રીતે હાંકતો અથવા સવારી કરતો હતો.

૪. એવી સવારી અથવા હાંકવાનું માનવ જીવન માટે ભયજનક હતું અથવા તેનાથી વાગવાનું અથવા ઈજા થવાનો સંભવ હતો.

**<u>ઈ.પી.કો.કલમ-૩૩૭ના આવશ્યક તત્વો.</u>**

૧. બીજાઓની જિંદગી કે શારીરિક સલામતી જોખમમાં મૂકાય એવા કૃત્યથી વ્યથા કરવી.

**<u>ઈ.પી.કોડની કલમ-૩૩૮ ના આવશ્યક તત્વો.</u>**

૧. બીજાઓની જિંદગી કે શારીરિક સલામતી જોખમમાં મૂકાય એવા કૃત્યથી મહાવ્યથા કરવી.

**<u>આ કામે મોટર વ્હીકલ એકટની કલમ-૧૮૪ ની સાથે કલમ-૧૭૭ વાંચતાં ફરીયાદપક્ષે નીચે મુજબની વિગત પુરવાર કરવી જરૂરી છે.</u>**

૧. આરોપીએ લોકો માટે જોખમી હોય તે રીતે વાહન ચલાવેલ છે.

૨. આરોપીએ કોઈ વ્યકિતને અકસ્માતમાં ઈજા કરેલ છે.

એમ.વી.એકટની કલમ-૧૩૪ વાંચતાં આરોપીએ પોતાની ફરજોનું પાલન કરેલ ન હોય તે પુરવાર કરવું પડે.

**<u>પુરાવાનું મુલ્યાંકન</u>**

(૧૦) ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવા ઉપરથી જયારે આરોપી સામે ફરમાવેલ તહોમત અંગેનો નિર્ણય કરવાનો હોય ત્યારે સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલાં આરોપી સામે આક્ષેપાયેલ તહોમતની હકીકત જોઈએ તો,આરોપીએ પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સાહેદને નાની મોટી ઈજાઓ કરી ગુનો કરી ભારતીય દંડસંહિતાની કલમ-૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪,૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુના અંગેના આક્ષેપો છે,પરંતું જયારે આ કામે રજુ થયેલ રેકર્ડ ઉપરના પુરાવાની હકીકત જોઈએ તો આંક-૫ થી ફરીયાદી કમલેશભાઈ વિરસંગભાઈ ચાવડાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે તા.૨૫/૦૭/૨૦૨૨ ના રોજ બનાવના દિવસે સવારે સાત સાડા સાત વાગે તેઓના ભાઈ ભાવેશભાઈનો તેઓના પર ફોન આવેલો અને કહેલ કે, આપણા નાના ભાઈનો અકસ્માત થયેલ છે. જેથી તેઓ ઘરેથી નીકળીને બનાવવાળી જગ્યાએ પહોચતા ત્યાં રહેલા સ્થાનિક લોકો તેઓના ભાઈને સારવાર સારૂ જલોત્રા પીએચસી લઈ ગયેલા.

ત્યારબાદ તેઓ ત્યાં પહોચીએ ત્યાં સુધીમાં બીજા લોકો તેઓના ભાઈને જલોત્રાથી ૧૦૮ માં વધુ સારવાર સારૂ પાલનપુર શુભમ હોસ્પિટલ ડૉ. કુલદીપ ભાઈના ત્યાં એડમીટ કરેલા ત્યાં તેના જમણા સાથળ અને જમણા હાથનું ઓપરેશન કરાવેલુ. તેઓના ભાઈને બનાવ વિશે પુછતાં બનાવની હકીકત જણાવેલ છે. આ અકસ્માત ધાણધા ચોકડી, જલોત્રા પાસે થયેલો. અકસ્માત ટોયટો કંપનીની ઈટીઓસ ગાડી સાથે થયેલો. જેનો નંબર જીજે-૦૮ એપી. ૬૪૯૦ નંબરની ગાડી હતી. તેઓના ભાઈની બાઈક નવુ હોઈ નંબર આવેલ ન હતો. ત્યારબાદ બનાવ બાબતે તેઓએ ફરીયાદ આપેલ. જે ફરીયાદ આંક-૬ થી રજુ છે.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબુલ રાખેલ છે કે અરૂણભાઈ તેઓના ભાઈ થાય છે અને રાહુલભાઈ તેઓના કુટુંબી થાય છે. તેઓ કબુલ રાખેલ છે કે કહેવાતો બનાવ તેઓએ નજરે જોયેલ નથી. સાહેદ જણાવે છે કે તેઓને ફોન દવારા જાણ થયેલ. તેઓ કબુલ રાખેલ છે કે કહેવાતા બનાવવાળી જગ્યા ધાણધા ચાર રસ્તા પાસે આવેલ છે. તેઓ કબુલ રાખેલ છે કે કહેવાતો બનાવવાળો રોડ પાલનપુર-અંબાજી હાઈવે છે. તેઓ કબુલ રાખેલ છે કે હાઈવે રોડ પર વાહનોની અવર જવર રહેતી હોય છે. સાહેદ જણાવે છે કે બનાવ સમયે સવાર છ વાગ્યાનો હોઈ વાહનોની એટલી અવર જવર ન હતી. તેઓ કબુલ રાખેલ છે કે તેઓ વળતર મેળવવા માટે પાલનપુર કોર્ટમાં એમએસીપી કેસ દાખલ કરેલ છે. તેઓ કબુલ રાખેલ છે કે મામલતદાર રૂબરૂ આરોપીની કોઈ ઓળખ પરેડ કરવામાં આવેલ નથી.

(૧૧) ફરીયાદપક્ષે આંક-૭ થી પંચ સાહેદ દલજીભાઈ ભીખાભાઈ ઠાકોરનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે તા.૨૫/૦૭/૨૦૨૨ ના રોજ જશવંતભાઈ સાહેબના બોલાવાથી જલોત્રા થી આગળ ધાણધા ચોકડી પાસે પંચનામા બાબતે પંચનામામાં પંચ તરીકે બોલાવેલા. ત્યાં સ્થળ પર એક બાઈક અને એક ગાડીનો અકસ્માત થયેલ હતો અને તે ત્યાં પડેલા હતા. આ જગ્યા પર બાઈક તુટી ગયેલ હતુ અને એક ભાઈને માથામાં વાગેલ હતું. ત્યાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કર્યા બાદ તેઓ

એ પંચ નં.૧ તરીકે સહી કરેલી. જે પંચનામું આંક–૮ થી રજુ છે. આ સિવાય બીજુ કઈ કહેવુ નથી.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ વાત કબુલ રાખેલ છે કે અકસ્માતમાં ઈજા પામનાર તેઓના ગામના થતા હોઈ તેઓએ પંચનામામાં સહી કરેલી.તેઓએ ઈન્કારી કરેલ છે કે પોલીસે તેઓ ને તૈયાર પંચનામામાં સહી કરાવેલી. પંચનામું લગભગ સવારે આઠ થી દશના ગાળામાં શરૂ થયેલ. પંચનામું આશરે કલાક દોઢ કલાક બાદ પુર્ણ થયેલુ.

(૧૨) ફરીયાદપક્ષે આંક–૧૧ થી પંચ સાહેદ લક્ષ્મણભાઈ સોમાભાઈ ઠાકોરનાઓ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે તા.૨૫/૦૮/૨૦૨૨ ના રોજ વડગામ પોલીસે તેઓને ગુનાવાળી જગ્યા હોટલ મનપસંદના ધાબાની સામે જલોત્રા ગામની સીમમાં દાંતા–પાલનપુર હાઈવે ઉપર બોલાવેલ. આ કામના ફરીયાદી કમલેશજી વિરસંગજીએ ગુનાવાળી જગ્યા બતાવેલ જયાં એક ટ્રવેરા ગાડી અને બીજો બાઈકવાળો પડેલ હતા. ગાડીનો આગળનો ભાગ તુટી ગયેલ હતો અને જેમાં બાઈક વાળાનુ આગળનું બધુ તુટી ગયેલ હતુ અને વીસ પચીસ હજારનુ નુકશાન થયેલ હતુ અને પાલનપુર–દાંતા હાઈવે પશ્ચિમ–પુર્વ હતો અને આ હોટલ મનપસંદ ઢાબુ જલોત્રા ગામની ચોકડી પડે છે ત્યાં અકસ્માત થયેલો. આ પંચનામુ સવારે થયેલુ. આંક–૮ થી રજુ પંચનામામાં પંચ નં. ૨ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે.

સદર પંચ સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે તેઓ પાલનપુર દર્શન હોટલમાં નોકરી કરે છે. તેઓ કબુલ રાખેલ છે કે અકસ્માતમાં મૃત્યુ પામનાર અરૂણભાઈ તથા રાહુલભાઈ તેઓના સમ્બંધી થતા હોઈ તેઓએ પંચનામામાં સહી કરેલી.તેઓ કબુલ રાખેલ છે કે બનાવ સ્થળે ચોકડી આવેલ છે. તેઓ કબુલ રાખેલ છે કે કહેવાતા બનાવ સ્થળની આજુબાજુ નાની નાની દુકાનો આવેલ છે.તેઓ કબુલ રાખેલ છે કે મનપસંદ ઢાબાથી થોડેક દુર સીએનજી પંપ આવેલ છે. તેઓ કબુલ રાખેલ છે કે વળાંકવાળી જગ્યા હોય ત્યાં વાહનની સ્પીડ ધીમી હોય.

(૧૩) ફરીયાદપક્ષે આંક–૧૨ થી સાહેદ ભાવેશકુમાર વિરસંગજી ચાવડા તેમજ આંક – ૧૩ થી સાહેદ સોમાજી માનજીજી ઠાકોરનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે તા.૨૫/૦૮/૨૦૨૨ ના રોજ તેઓ તેમના ઘરે હતા ત્યારે તેઓના ગામના મિત્ર કમલેશભાઈનો તેઓની પર ફોન આવેલ અને કહેલ કે તેઓ ના ભાઈ અરૂણનો અકસ્માત થયેલ છે અને તેઓ અરૂણને ૧૦૮માં પાલનપુર દવાખાને લઈ જાય છે તેવી વાત કરતા તેઓ સ્થળ પર ગયેલ અને આ વખતે ૧૦૮ પણ સ્થળ પર આવી ગયેલ અને તેઓના ભાઈ અરૂણ અને તેઓના કુટુંબી રાહુલ બાબુભાઈ ચૌહાણ અકસ્માત થયેલ હાલતમાં પડેલ હતા. જેથી ઈજા પામનારને ૧૦૮ માં પાલનપુર શુભમ હોસ્પીટલમાં લઈ ગયેલ જયાં તેઓના ભાઈ અરૂણને જમણા હાથે તથા જમણા પગમાં ફ્રેકચર થયેલાનુ જણાયેલ તથા રાહુલને સાથળના ભાગે ઈજા થયેલાનુ જણાવેલ. આ અકસ્માત બાબતે તેઓના ભાઈ અરૂણે બનાવ બાબતેની વાત કરેલ. અકસ્માત કરનાર ગાડીનો ચાલક ગાડી મુકી નાસી ગયેલ.બનાવ બાબતે ફરીયાદ થતાં પોલીસે તેઓનો જવાબ લીધેલો.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ વાત કબુલ રાખેલ છે કે બનાવ સમયે તેઓ તેમના ઘરે હાજર હતા.તેઓ કબુલ રાખેલ છે કે બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તેઓ કબુલ રાખેલ છે કે બનાવ વિશે તેઓને કોઈ જાત માહીતી નથી.તેઓ કબુલેલ છે કે બનાવ વિશે તેઓને ફોનથી જાણ થયેલી.

(૧૪) ફરીયાદપક્ષે આંક–૧૪ થી સાહેદ ભગવાનભાઈ કેશાભાઈ ઠાકોરનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે તા.૨૫/૦૮/૨૦૨૨ ના રોજ તેઓ તેમના ઘરે હાજર હતા તે દરમ્યાન સવારની તેઓની હોટલે ૯–૦૦ વાગે જતા હતા ત્યારે રસ્તામાં જતાં જોયેલ તો બે છોકરાઓનો અકસ્માત થયેલ હતો જયારે તેઓ ૯–૦૦ વાગે તેઓની હોટલ ઉપર જતા હતા તેના ૨–૦૦ કલાક પહેલા અકસ્માત થયેલો. જેથી સ્થાનિક લોકો સારવાર સારૂ જલોત્રા પીએચસી લઈ ગયેલા. વધુ સારવાર સારૂ

પાલનપુર શુભમ હોસ્પિટલ લઈ ગયેલા તેમજ બનાવ બાબતે તેઓને કોઈ પાછળથી માહીતી મળેલ નથી. બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલો.

સદર સાહેદ ફરીયાદપક્ષે રજુ કરેલ ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો આપતા ન હોઈ,વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ઉલટ તપાસ માં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલા તેમ છતાં ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ નથી.આમ,ફરીયાદની કે બનાવને સદર સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી.

સદર સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ વાત કબુલ રાખેલ છે કે પોલીસે તેઓનુ માત્ર નામ અને ગામ પુછેલુ. તેઓ કબુલ રાખેલ છે કે પોલીસે તેઓના જવાબમાં શુ લખેલ તેની તેઓને ખબર નથી. તેઓ કબુલ રાખેલ છે કે બનાવવાળી જગ્યા ધાણધા ચાર રસ્તા પડે છે.તેઓ કબુલ રાખેલ છે કે બનાવવાળી જગ્યાની પાસે ૩૦૦ મીટરના અંતરે સાવન પેટ્રોલ પમ્પ, સાવન હોટલ અને કોલ્ડ સ ટોરેજ આવેલ છે. તેઓ કબુલ રાખેલ છે કે બનાવવાળી જગ્યા હાઈવે રોડ હોઈ વાહનનો અવર જવર વધુ હોય છે.

(૧૫) ફરીયાદપક્ષે આંક-૧૫ થી સાહેદ અરૂણકુમાર વિરસંગભાઈ ચાવડાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે બનાવ તા.૨૫/૦૮/૨૦૨૨ ના બનેલો. તે દિવસે તેઓ થુર થી પાલનપુર તરફ જતા હતા અને તેઓની સાથે તેઓના મિત્ર રાહુલ પણ જોડે હતો. તે વખતે જલોત્રા પાસે પહોચતા તેઓનું બાઈક આગળ એક ગાડી ઈટીયોસ ક્રોસ ચાલતી હોય જે ગાડી ડીવાઈડર સાઈડ હતી અને તેઓ ખાલી સાઈડ હતા અને તેઓ બંન્ને પાલનપુર તરફ જતા હતા. જલોત્રા ધાણધા ચોકડી તરફ આવતા તે ગાડીવાળાએ કોઈ પણ સીગ્નલ આપ્યા વગર ખાલી સાઈડે ગાડી વાળી દેતા જેથી ડાબી સાઈડે તેઓના મોટર સાયકલને અથડાઈ ગયેલી. જે ખાલી સાઈડના દરવાજા બાજુએ અથડાઈ. જેથી તેઓ નીચે પડી ગયેલા અને બેભાન થઈ ગયેલ. ત્યારબાદ તેઓ બંન્ને જણાને ૧૦૮ દવારા પાલનપુર શુભમ હોસ્પીટલ ખાતે લઈ ગયેલા અને તેઓને જમણા હાથે સાથળના ભાગે ફ્રેકચર થયેલુ અને બેઠો માર વાગેલો અને રાહુલને માથામાં વાગેલુ અને જમણા પગે અને હાથની આંગળીએ ફ્રેકચર

થયેલુ અને બીજી વત્તી ઓછી ઈજાઓ થયેલી. આ મોટર સાયકલ તેઓનુ હતુ અને જે નવીન હોય તેનો નંબર આવેલ ન હતો. તેઓને પાછળથી જાણવા મળેલ કે આ ગાડીનો ચાલક રમેશભાઈ હતા અને તેનો ગાડી નંબર યાદ નથી. બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલો.

સદર સાહેદ ફરીયાદપક્ષે રજુ કરેલ ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો આપતા ન હોઈ,વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ઉલટ તપાસ માં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલા તેમ છતાં ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ નથી.આમ,ફરીયાદની કે બનાવને સદર સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી.

સદર સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ વાત કબુલ રાખેલ છે કે બનાવવાળી જગ્યાએ ધાણધા ચાર રસ્તા પડે છે. તેઓ કબુલ રાખેલ છે કે કહેવાતા બનાવવાળી જગ્યાએ પાલનપુર અંબાજી હાઈવે રોડ હોય ત્યાં માણસો અને વાહનોની અવર જવર હોય છે. તેઓ કબુલ રાખેલ છે કે બનાવવાળી જગ્યાએથી ૩૦૦ મીટર દુર અંબાજી તરફ સાવન હોટલ,સાવન પેટ્રોલ પંપ અને સાવન કોલ્ડ સ્ટોરેજ આવેલ છે. તેઓ કબુલ રાખેલ છે કે બનાવવાળી જગ્યાએથી ૫૦ મીટર દુર પાલનપુર તરફ એક સી.એન.જી.પંપ અને કોલ્ડ સ્ટોરેજ આવેલ છે.તેઓ કબુલેલ છે કે જગ્યા એથી લોકો દુધ ભરાવવા જતા આવતા હોય છે.સાહેદ જણાવેલ છે કે એકસીડેન્ટ સમયે કોઈ હાજર ન હતુ. તેઓ કબુલ રાખેલ છે કે કહેવાતા બનાવ સમયે તેઓ બેભાન થઈ ગયેલા. તેઓ કબુલ રાખેલ છે કે અકસ્માત અંગેનુ ફરીયાદ કમલેશભાઈ એ તેમની રીતે આપેલી. તેઓ કબુલ રાખેલ છે કે તેઓ તથા રાહુલભાઈએ વળતર મેળવવા માટે પાલનપુરની કોર્ટમાં કલેઈમ કરેલ છે. તેઓ કબુલ રાખેલ છે કે આરોપીની મામલતદાર રૂબરૂ કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી.

(૧૬) ફરીયાદપક્ષે આંક-૧૬ થી સાહેદ રાહુલકુમાર બાબુભાઈ ચૌહાણનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે બનાવ તા.૨૫/૦૭/૨૦૨૨ ના બનેલો. તે દિવસે તેઓ અને તેમના મિત્ર અરૂણ સાથે અરૂણના મોટર સાયકલ ઉપર થુર સવારના સાડા છ વાગ્યે નીકળેલા અને બનાવ સવારના સાત વાગ્યે મનપસંદ ઢાબા

પાસે આ બનાવ બનેલો અને ત્યાં ધાણધા જવાની ચોકડી પડે છે. જે ગાડી જતી હતી તે ડીવાઈડર બાજુ જતી હતી અને તેઓ ખાલી સાઈડ હતા જે ગાડી સાઈડ સીગ્નલ આપ્યા વગર વળી જતા તેઓનુ મોટર સાયકલ ખાલી સાઈડના દરવાજે અથડતા તેઓ બંન્ને જણા પડી ગયેલા.તેઓને માથામાં, જમણા પગે અને બંન્ને હાથની આંગળીઓમાં વાગેલુ તથા અરૂણને જમણા પગે અને હાથે વાગેલુ અને તેમજ બંન્નેને શરીરના ભાગે પણ ઈજાઓ થયેલી.બંન્નેને ૧૦૮ મારફત શુભમ હોસ્પીટલ ખાતે લઈ ગયેલા.૧૦૮ વાળાને કોણે જાણ કરેલી તેની તેઓને ખબર નથી. બીજુ કોણ આવેલુ તેની તેઓને ખબર નથી.રમેશભાઈ કામરાજભાઈ ગાડી ચલાવતા હતા અને આરોપી ને સદર સાહેદ ઓળખી બતાવે છે. વધુમાં સાહેદ જણાવે છે કે જેમાં તેઓનુ મગજનું ઓપરેશન પાલનપુરની ભુમી આઈ.સી.યુ.માં ઓપરેશન કરેલુ.

સદર સાહેદ ફરીયાદપક્ષે રજુ કરેલ ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો આપતા ન હોઈ,વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ઉલટ તપાસ માં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલા તેમ છતાં ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ નથી.આમ,ફરીયાદની કે બનાવને સદર સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી.

સદર સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ વાત કબુલ રાખેલ છે કે બનાવવાળી જગ્યાએ ધાણધા ચાર રસ્તા પડે છે.તેઓ કબુલ રાખેલ છે કે કહેવાતા બનાવવાળી જગ્યાએ પાલનપુર અંબાજી હાઈવે રોડ હોય ત્યાં માણસો અને વાહનોની અવર જવર હોય છે.તેઓ કબુલ રાખેલ છે કે બનાવવાળી જગ્યાએથી ૩૦૦ મીટર દુર અંબાજી તરફ સાવન હોટલ,સાવન પેટ્રોલ પંપ અને સાવન કોલ્ડ સ્ટોરેજ આવેલ છે.તેઓ કબુલ રાખેલ છે કે ત્યાં મનપસંદ ઢાબો આવેલ છે. તેઓ કબુલ રાખેલ છે કે બનાવવાળી જગ્યાએથી ૫૦ મીટર દુર પાલનપુર તરફ એક સી.એન.જી.પંપ અને કોલ્ડ સ્ટોરેજ આવેલ છે. તેઓ કબુલેલ છે કે તે જગ્યાએ ખેતરો આવેલ હોય લોકો દુધ ભરાવવા જતા આવતા હોય છે. તેઓ કબુલ રાખેલ છે કે રમેશભાઈને આજ રોજ કોર્ટમાં જોયેલ તેથી ઓળખે છે. તેઓ કબુલ રાખેલ છે કે વળતર મેળવવા માટે હાલની ફરીયાદ આપેલી છે.

(૧૭) ફરીયાદપક્ષે આંક–૧૨ થી આઈ.ઓ. કરણસિંહ સરદારસીંહનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તા.૨૫/૦૮/૨૦૨૨ ના રોજ તેઓ ઈન્કવેસ્ટ ડયુટીમાં હતા તે સમયે ફરીયાદી કમલેશજી વિરસંગજી ચાવડાના ઓએ ફરીયાદ પી.એસ.ઓ. રૂબરૂ જાહેર કરતા પી.એસ.ઓ.એ તે મુજબ ગુનો રજીસ્ટર્ડ કરી આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ તપાસ સંભાળી લીધેલ. તપાસના કામે તેઓને મળેલ ફરીયાદનો અભ્યાસ કરેલો. જે ફરીયાદ આંક–૬ થી રજુ છે. ત્યારબાદ તેઓએ પંચોની હાજરીમાં ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરેલુ અને આ કામે ઈજા પામનારનું મેડીકલ સર્ટીફિકેટ મેળવેલ જે કામમાં સામેલ રાખેલ અને ત્યારબાદ આરોપીની ગાડીની આર.સી.બુક,ડ્રાઈવીંગ લાયસન્સ,પી.યુ.સી.,વીમા પોલીસી તેમજ ઈજા પામનારના વાહનનુ બીલ તેમજ વીમા પોલીસી વિગેરે કબજે કરેલ જે તમામ સંયુકત દાખલ આંક–૨૦ થી રજુ છે.ત્યારબાદ તપાસના કામે લાગતા વળગતાં સાહેદોના નિવેદનો મેળવેલા તેમજ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલા ની હકીકત જણાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ વાત કબુલ રાખેલ છે કે સદર ગુન્હાવાળી જગ્યા પાલનપુર–અંબાજી હાઈવે હોય ઘણા બધા વાહનોની અવર જવર હોય છે. તેઓ કબુલ રાખેલ છે કે આ ગુન્હાવાળી જગ્યાની બાજુમાં મનપસંદ ઢાબા આવેલુ છે જયાં લોકો ચા પાણી કરવા માટે આવતા જતા હોય છે. તેઓ કબુલ રાખેલ છે કે આ કામના આરોપીને ફરીયાદી કે તેઓની રૂબરૂ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. તેઓ કબુલ રાખેલ છે કે આ કામના મુળ ફરીયાદી થુર ગામના વતની છે અને આરોપી ઘોડીયાલ ગામના વતની છે.

આમ,આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવો એકસાથે વંચાણે લેતાં ફરીયાદી તેમજ સાહેદ પોતાની સરતપાસમાં બનાવ વખતે આરોપીએ પોતાના વાહનથી તેઓના મોટર સાયકલને ટકકર મારી ઈજાઓ કરી અકસ્માત કરેલ હોવાની હકીકત જણાવેલ છે, પરંતુ ફરીયાદી તેમજ સાહેદ પોતાની સરતપાસમાં બનાવની હકીકતને સંપુર્ણપણે સમર્થનકારી પુરાવો આપેલ નથી,ફકત અકસ્માત થયેલ હોવાની હકીકત જણાવેલ

છે.સદર સાહેદો તેઓના પુરાવામાં આરોપીની મામલતદાર રૂબરૂ ઓળખ પરેડ કરાવેલ નહી હોવાની હકીકત જણાવેલ છે. એટલું જ નહી, બનાવવાળી જગ્યાએ ચાર રસ્તા આવેલ છે અને પાલનપુર અંબાજી હાઈવે રોડ હોય લોકોની તેમજ વાહનોની અવર જવર રહેતી હોવાની હકીકત પણ કબુલ રાખેલ છે. આ કામના ફરીયાદી પોતે બનાવ વખતે બનાવ સ્થળે હાજર ન હોવાની હકીકત જણાવેલ છે અને બનાવ તેઓએ નજરે જોયેલ નહી હોવાની હકીકત જણાવેલ છે તેમજ બનાવ વિશે તેઓને કોઈ જાત માહીતી પણ ન હોવાની હકીકત જણાવેલ છે. આ સિવાય આ કામે બનાવ નજરે જોનાર અને અકસ્માતમાં ઈજા પામનાર સાહેદો બનાવની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોઈ, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે.એટલું જ નહી,આ કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ પંચ સાહેદો એ પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો આપવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ સદર પંચ સાહેદોએ પોતાની ઉલટ તપાસમાં અકસ્માતમાં ઈજા પામનાર તેઓના ગામના થતા હોઈ પંચનામામાં સહી કરેલ હોવાની હકીકત કબુલ રાખેલ છે. આ સિવાય હાલના ઈજા પામનારા સાહેદોએ વળતર મેળવવા સારૂ અરજી કરેલ હોવાની હકીકત પણ જણાવેલ છે. આ સિવાય આ કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ ત.ક.અમલદાર તેઓના પુરાવામાં તેઓને તપાસ મળતાં તેઓએ કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે કરેલ કાર્યવાહી બાબતેની હકીકત વળગી રહેલ છે પરંતુ તપાસ કરનાર અમલદાર તેઓની ઉલટ તપાસ માં એવી હકીકતો કબુલ રાખેલ છે કે આ કામના આરોપીની મામલતદાર રૂબરૂ ઓળખ પરેડ કરવામાં આવેલ નથી.આ સિવાય બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોવા છતાં હાલના ફરીયાદીના તેમજ સાહેદોના નજીકના સગાઓ જ સાહેદો હોવાનું જણાય આવે છે. આમ, જાહેર જગ્યા હોય અને સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં તપાસ કરનાર અમલદાર દવારા એવા કોઈ તટસ્થ સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ નથી કે ફરીયાદપક્ષે એવા કોઈ તટસ્થ સાહેદોનો પુરાવાથી હાલના જ આરોપી એ અકસ્માત સમયે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારેલ હોય તેવી કોઈ સ્પષ્ટ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી. આમ,આ કામે સોગંદ ઉપર તપાસેલ સાહેદો બનાવની હકીકતને સંપુર્ણપણે સમર્થન મળતુ નથી કે અકસ્માત સમયે હાલના

આરોપી જ વાહન ચલાવતા હોઈ તેવી કોઈ સ્પષ્ટ હકીકત જણાવેલ નથી. આ કામે આરોપી તરફે સારવાર પ્રમાણપત્રોને આંકે પાડી વંચાણે લેવામાં આવે તો વાંધો નહી હોવાની હકીકત જણાવેલ છે,પરંતુ આ કામે રજુ થયેલ ઉપરોકત સાહેદોના પુરાવાથી જયારે બનાવની હકીકતને સમર્થનકારી પુરાવો મળતો ન હોઈ ત્યારે ઉપરોકત રજુ થયેલ દસ્તાવેજી પુરાવાની હકીકતને પણ માની શકાય નહી.આમ,આ કામના હાલના આરોપી એ જ બેદરકારીપુર્વક અને ગફલતભરી રીતે પોતાના કબજાનું વાહન હંકારેલ હોય તે બાબતે એકપણ સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી.

વધુમાં આ બાબતમાં નામદાર ઓરિસ્સા વડી અદાલતનો નીચે મુજબનો ચુકાદો ધ્યાને લઈએ તો,

1994 Cri.L.J page 389
Badriprasad Tivari
V/s
State of Orissa

**Penal Code (45 of 1860), s. 279 NEGELIGENCE**

Rash and negligent driving-Offence under-lgredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury must be established-Mere carelessness of error of judgement not sufficient-Accident resulting in death failure of prosecution to prove rash and negligent driving of accused-Bare statement that vehicle was being driven in high speed not sufficient-Accused entitled for acquittal.

"Section 279,IPC deals with rash and negligent driving of any vehicle or riging on a public way in rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279,IPC,It must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash

and negligence may be described as criminal rashness or criminal negligence.It must be more than mere carelessness of error of judgement.

The essential ingredients of Section 279 are:

(i) Rash and negligent driving or riding on a public way.

(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.

For an offence punishable under Sec. 304-A IPC, the point to be established is that the act of accused was responsible for resulting in the death and such act of the accused was rash and negligent although it did not amount to culpable homicide. To establish either of Section 279 or 304 A, rash and negligent has to be established, but only distinction is that in Section 279 rash and negligent act relates to the manner of driving or riding on a public way, while offence under Section 304 A extends to any rash and negligent act falling short of culpable homicide. As indicated above, rashness or negligence to be established must be more than an error of judgement, Distinction between rashness and negligence is that negligence connotes want of proper care, while rashness conveyes the idea of reckless doing of an act without consideration of any consequenes.

ઉપરોકત કલમના આવશ્યક તત્વોને નજર સમક્ષ રાખી સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આરોપીનું બનાવ સમયનું કૃત્ય જોવામાં આવે તો આરોપી એ પોતાનું વાહન બેદરકારીપુર્વક ચલાવી માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવેલ હોય તે સાબિત થતું નથી તેથી આરોપીએ બનાવ સમયે તેનું વાહન બેદરકારીપુર્વક ચલાવેલ હોય તે સાબિત થતું નથી.સદર કેસમાં આરોપીની બેદરકારીના કારણે અકસ્માત થયેલ હોય તે હકીકત પુરવાર થતી નથી તેમજ આરોપાયેલ કલમના આવશ્યક તત્વો ધ્યાને લઈએ તો તેના આવશ્યક તત્વો પણ ફરીયાદપક્ષ દવારા રજુ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા ઓથી સાબિત થતાં નથી.

(૧૮) ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે કેસ પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર મુકવામાં આવેલ છે,પરંતું સદર કેસમાં ફરીયાદ પક્ષે મુકેલા આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે કારણે કે ફરીયાદી તેમજ સાહેદો બનાવની હકીકતને ફકત અકસ્માત થયેલ હોવા બાબતે જ સમર્થન આપે છે નહી કે હાલના આરોપી દવારા જ અકસ્માત કરેલ હોય કારણ કે આ કામના ફરીયાદી પોતે તેઓની ઉલટ તપાસમાં એવી હકીકત કબુલ રાખેલ છે કે ર્ડાકટરનું (આરોપી)નું નામ બીજા દવારા જાણેલુ, ત્યારે હાલના આરોપી જ અકસ્માત સમયે અકસ્માતવાળુ વાહન હંકારતા હોય તે હકીકત શંકા ઉપજે છે.આ સિવાયના અન્ય સાહેદોએ પણ બનાવની હકીકત ને સંપુર્ણપણે સમર્થનકારી પુરાવો આપેલ નથી.આમ,સાહેદોએ તેમના પુરાવામાં બનાવની હકીકતને મદદરૂપ થઈ શકે તેવો કોઈ જ શબ્દશ: પુરાવો આપેલ નથી ફકત અકસ્માત બનેલ હોવા પુરતી હકીકત જણાવેલ છે.જેથી પણ હાલના આરોપીએ જ પોતાના કબજાનું વાહન બેદરકારીપુર્વક અને ગફલતભરી રીતે હંકારી અકસ્માત કરેલ હોય તેવો કોઈ જ સમર્થનકારી પુરાવો આ કામે રજુ થયેલ નથી.આમ,ખરેખર બનાવ સમયે આરોપીની ભુલ હતી કે કેમ? તેવું રેકર્ડ ઉપર આવતું નથી.આમ,ફરીયાદપક્ષે તપાસેલા સાહેદની જુબાની અને ફરીયાદ વચ્ચે સુસંગતતા ન હોય,ત્યારે મુકેલા આક્ષેપો મુજબના ગુન્હાઓ આરોપીએ કર્યા અંગે શંકા ઉત્પન્ન કરે છે. આરોપીએ ગુન્હો કર્યા અંગે થોડી પણ શંકા ઉત્પન્ન થાય તો તેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર છે.ક્રિમી.જયુરિસપ્રૂડસનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો અને ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ ધ્યાને લેતાં,જો રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો તે આરોપીને તકસીરવાન ઠરાવવા પુરતા પુરાવા પડતા નથી.આમ,ફરીયાદપક્ષે રજુ કરેલ આરોપી વિરૂધ્ધના પુરાવાઓ પુરવાર થતાં ન હોવાથી,આરોપી વિરૂધ્ધ અપુરતો પુરાવો મળી આવતાં,સદર આરોપીને શંકાનો લાભ મળવા પાત્ર છે અને જો આરોપીને શંકાનો લાભ આપી,નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી હોવાનું જણાય આવે છે. આમ, સદરહું કામે ફરિયાદપક્ષે રજુ કરેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં તેમજ નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને રાખી આરોપી ને તકસીરવાન ઠરાવવા લાયક કોઈ પુરાવો ઉપલબ્ધ ન હોઈ મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં આપી,મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:- હુ ક મ -:-**

ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૫ અન્વયે આરોપી રમેશભાઈ કામરાજભાઈ પટેલ, રહે.ઘોડીયાલ, તા.વડગામ, જીલ્લો- બનાસકાંઠાનાઓની સામેના ઈ.પી.કો.કલમ-૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪,૧૩૪ મુજબના ગુના અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાત મુચરકા સી.આર.પી.સી.કલમ-૪૩૭ એ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે, વિકલ્પે આરોપીએ રૂા.૫,૦૦૦/- પુરાના જામીન તથા જાત મુચરકા અપીલ સમય સુધીના રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તા.૩૧મી,માહે મે,સને-૨૦૨૪**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. **૩૧/૦૫/૨૦૨૪.**
વડગામ.

(**ઋષિકેશસિંહ એચ.ચૌહાણ**)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
વડગામ.
**યુનિક કોડ નં.જીજે૦૧૬૧૨**